R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

DECEMBER - 2016

Total - 36 Pages

Vol No. 60 Issue No. 9



**2nd Cover Page**



**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલીત**

## શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ (રંગુનવાળા)

**પુરસ્કૃત ઉપનગર વિભાગ**

# દ્વિતિય પ્રોગ્રામ

# "નવું નાટક"

**સ્થળ** : શ્રી પ્રબોધન ઠાકરે નાટયમંદિર, ચામુંડા સર્કલની પાસે, બોરિવલી (વેસ્ટ)

**તારીખ** : ૨૯-૧-૨૦૧૭, રવિવાર, સમયઃ સવારના ૯.૩૦ કલાકે

**ટિકીટદર** : નીચેના રૂા. ૬૦/-, બાલ્કની રૂા. ૪૦/-

**ટિકીટનું વિતરણ** : તા. ૨૨-૧-૨૦૧૭, રવિવારે સમયઃ સવારે ૯ થી ૧૧ કલાકે

**નીચે જણાવેલ સ્થળ પરથી ટિકીટો મળશે.**

૧) **શ્રી બાલાસિનોર નવયુવક સંઘ** : ૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, ૨જે માળે, મુંબઈ-૪૦૦૦૦૪

૨) **વાંદરા થી ગોરેગામ** : શ્રી અજય પ્રવીણચંદ્ર દોશીઃ બી/૧૨, નવશિલ્પવાની, લલ્લુભાઈ પાર્ક, વિલેપાર્લા (વેસ્ટ), મોબાઈલ : ૯૮૧૯૩૪૨૮૫૬.

૩) **મલાડ થી કાંદિવલી** : કોકિલાબેન હીરાલાલ પરીખ (ડાબલી): એ-૨૪, કૈલાશ નગર, શંકર ગલી, કાંદિવલી (વેસ્ટ), મોબાઈલ - વસંત દેસાઈ : ૯૮૨૧૦૫૪૩૨૯

૪) **બોરિવલી થી વિરાર** : શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા) : સી-૩૦૨, સુમેરનગર, એસ.વી.રોડ, બોરિવલી (વેસ્ટ), મોબાઈલઃ ૯૮૨૦૦૧૧૫૮૬

**ટિકીટનું વિતરણ વહેલા તે પહેલા ધોરણે થશે.**

**વિતરણના દિવસે ટિકીટો વધશે તો નીચે જણાવેલ સ્થળથી મેળવી લેવી.**

**મયુર ટ્રેડીંગ કોર્પોરેશન :** ૧૫૮/૧૬૦ નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૧લે માળે,

**સંપર્ક : જીગર કડકીઆ** - ૯૮૨૦૩૩૧૫૩૫

વધુ વિગત આવતા અંકમાં પ્રકાશિત થશે.

**મંત્રી : ભાવેશ મોદી – ૮૭૯૪૨૨૩૦૪** **સંયોજક : શ્રી કેતન કડકીઆ – ૯૩૨૪૨૨૦૨૧૧**

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૦ | ૯ | ૨૧-૧૨-૨૦૧૬ |

છુટક કિંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-



બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ
મનીષા નિ. શાહ

પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
ફોન : ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**Visit us at www.balasinor.org**


## તંત્રી સ્થાનેથી

# પત્ર
# કોઈના કાગળ વંચાય?

✍ બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)

**પારિવારિક સત્ય-અર્ધસત્ય, પ્રસંગ, પીડા, પડઘા, પ્રતિશોધ, પરિણામ.. ? પત્ર- પહેલો, બીજો, ત્રીજો દરેકમાં લખેલ નામ, સરનામા, કંપની, ઓફિસ, જગ્યાના નામ કાલ્પનિક છે.**

## પત્ર - પહેલો

તા. xx yy zz
મુંબઈ

**મોંઘીબાઈ શેઠઅમીરચંદ હિન્દુ સમાજની વાડી**
**લોખંડવાલા કોમ્પ્લેક્ષ, અંધેરી (વેસ્ટ), મુંબઈ.**
**પ્રમુખશ્રી,**

આપશ્રીની વાડીમાં મેનેજરના હોદ્દા (પદ) માટે હું નીચે સહીં કરનાર શ્રી ગુલાબભાઈ બૂચ અરજી કરી રહ્યો છું.

હાલ હું નિવૃત્ત છું. પરંતુ દૈનિક ધોરણે કાર્યમાં રત રહેવું મને ગમે છે તેથી આપને ત્યાં જવાબદારીપૂર્વકનું કાર્ય કરવા હું ઉત્સુક છું.

મારા પ્રવૃત્તિકાળના કાર્યોના સર્ટીફિકેટ હું આ સાથે બીડું છું.

**મારા કાર્યોની યાદીઃ**

(૧) **શ્રી રામ મેન્યુફેક્ચરર્સ - મેનેજર**
(૨) **ઈન્ડીયન ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સ - કેશિયર**
(૩) **યુથ ટ્રેડીંગ કોર્પોરેશન - ઓફિસવર્ક.**

મારા ઘર પરિવારમાં ધર્મપત્ની તેમજ દિકરો, એક

દિકરી બંને પરણેલા છે. અમારું સંયુક્ત કુટુંબ છે. મારો પૌત્ર હાલ એચ.એસ.સી.માં હોવાથી તેના ભણતર અને ટયુશનના બેફામ ખર્ચા તેમજ મોંઘવારીને લઈ મારા દિકરાએ અમારા પતિ-પત્નીના જીવન વ્યવહારમાં સર્વ રીતે અન્યાય ચાલુ કરી દીધો છે. સેવા-સામગ્રી માટે રૂપિયા આપવાનું બંધ કરી દીધું છે, નાની મોટી પર્સનલ ખરીદી માટે ઠાગાઠૈયા કરે છે. કડવા ઘૂંટડા લગભગ રોજ પીવા પડે છે. બીજી બાજુ અમારા જમાઈરાજા સાવ નપાવટ થઈ ગયા છે. મિત્રોની સંગતે કેસીનોના રવાડે ચડેલો અમારો જમાઈ દેવાદાર બની ગયો છે. જુગારની લતને લીધે આખો પરિવાર બદનામીના અંધકારમાં ડૂબી ગયો છે. દુ:ખી દિકરીના પરિવારની દેખરેખની જવાબદારી મેં લીધી છે આવા સંજોગોમાં મારા થી જે કંઈ મદદ થઈ શકે તે માટેનો નિર્ણય મેં લીધો છે. આપના સહકારથી ત્રણ કુટુંબમાં સમજ અને શાંતિ વધશે તેવી મને આશા છે.

મારી જીંદગીના વિશેષ અનુભવો, સૂઝબુઝ દ્વારા હું તમારા કાર્યોને ન્યાય આપી શકીશ તેની મને ખાતરી છે.

મેનેજર માટેની મારી આ અરજીનો સ્વીકાર કરી મને જાણ કરવા વિનંતી.

**-આપનો વિશ્વાસુ**
**શ્રી ગુલાબભાઈ બૂચ**
**મો. AAAAAAAAAA**

## પત્ર – બીજો

**તા. xx yy zz**
**મુંબઈ**

**પ્રિન્સીપલ,**
**મોતીચંદ એન્ડ વીરબાઈ કોલેજ**
**ઓફ કોમર્સ એન્ડ ઈકોનોમીક્સ,**
**અબ્દુલ ગફારખાન રોડ, માહીમ, મુંબઈ**
**સર,**

સવિનય જણાવવાનું કે હું વૃજભાણ નંદલાલ ભટ્ટાચાર્ય તમારી કોલેજમાં કોમર્સમાં Std XII માં "J' ડિવિઝનમાં અભ્યાસ કરું છું. (રોલ નં. XII-J-78C)

ખેદ સાથે જણાવવાનું કે તા. ૧૫ના રોજ લેવાયેલી ઈકોનોમીક્સની પરીક્ષા વખતે જે ભૂલ મેં કરી હતી તે બદલ હું ખૂબ નિરાશ થયો છું અને આપની ક્ષમા ચાહું છું.

આખી ઘટનાનું સવિસ્તાર વર્ણન હું આપની સમક્ષ કરવા માંગુ છું. આ પરીક્ષા પહેલાં મેં ખૂબ મહેનત કરી હતી, અને દરેક વિષયને મેં ન્યાય આપ્યો હતો. મારું ઈકોનોમીક્સનું પેપર હું છેલ્લે સુધી લખતો રહ્યો અને છેલ્લી રીંગ વાગી ત્યારે મિસે (સુપરવાઈઝર) બધાને લખવાનું બંધ કરવા કહયું અને પેપર આપી દેવા કીધું. મેં આન્સર પેપર આપી દેવા બધી તૈયારી કરી લીધી હતી, મારું પેપર લઈ હું જગ્યા પર થી ઉભો થયો ત્યારે સુપરવાઈઝર તેના મોબાઈલમાં વાત કરતા કરતા કલાસરૂમની બહાર નીકળી સાઈડમાં ચાલ્યા ગયા અને મેં ક્લાસરૂમની બહાર પડેલી બેગમાં મારી બધી વસ્તુ મૂકી દીધી.

ભણતાં ભણતાં હું પાર્ટટાઈમ જોબ કરું છું. શેરબજારની અમારી ઓફિસમાં, લેતી-દેતી, બેંક-કેશનો હિસાબ હું સંભાળું છું. તે દિવસે કોલેજ-કેન્ટીનમાં બ્રેક-ફાસ્ટ કરતા કરતા હું ઓફિસના વિચાર કરતો હતો ત્યાં મારા મોબાઈલમાં રીંગ વાગી. સામે છેડે થી વાઈસ-પ્રિન્સિપલનો અવાજ સાંભળી હું ચોંકી ગયો. તું ક્યાં છે ? તું કોલેજમાં હાજર હતો તો એકઝામ નંબર પ્રમાણે તારું ઈકોનોમીક્સનું આન્સરપેપર ક્યાં છે ? સાંભળીને મારા આખા શરીરે પરસેવો વળી ગયો. ફોન ચાલુ રાખી મેં મારી બેગ ચેક કરી. જોયું તો પેપર મારી બેગમાં રહી ગયું હતું. હવે ? મારા હોંશકોશ ઉડી ગયા. સર... ભૂલમાં પેપર મારી બેગમાં મૂકાઈ ગયું છે. સામે છેડેથી સરનો હૂકમ છૂટયો, હમણાં જ પાછો કલાસરૂમમાં આવ. ડરતાં ડરતાં મેં બેગ બંધ કરી અને મારા પરીક્ષા હોલ તરફ ભાગ્યો.

સર તે દિવસે મેં આપ સર્વેની માફી માંગી હતી. ભૂલ કબૂલી હતી. મેં જાણી જોઈને કંઈ જ કર્યું ન હતું.


સ્વ. જીવકોરબેન નટવરલાલ કડકીઆ (ચોકસી) ના જે જે શ્રી ગોકુલેશ

ઈકોનોમીક્સના ટીચરને બોલાવ્યા પછી આખા પ્રશ્નપત્રના સવાલના જવાબ મને મોઢે પૂછવામાં આવ્યા હતા. મેં મારા પેપરમાં લખ્યા મુજબ બધા જ જવાબ આપ્યા હતા. સુપરવાઈઝર મેડમે પણ તેમની ભૂલ કબૂલી હતી. બધા પેપર ભેગા કર્યા પછી મોબાઈલ વાપરવાનું રાખ્યું હોત તો આ પ્રશ્ન ઉપસ્થિત ન થયો હોત.

ઈકોનોમીક્સના ટીચરે તાબડતોબ મારી આગલી બધી જ પરીક્ષાના માર્ક્સ જોઈ તમને સંતોષકારક જવાબ આપ્યો હતો. મારા કલાસ ટીચરે મારી 'પ્રેઝન્સ' (હાજરી) તપાસી કહયું હતું કે હું નિયમિત કોલેજમાં આવું છું તેમજ મારી વર્તણૂંક માટે પણ અભિપ્રાય આપ્યો હતો. સર ફક્ત ઓફિસના ટેન્શનમાં જ મેં આટલી મોટી ભૂલ કરી હતી, ને હું લખેલું પેપર આપ્યા વગર બહાર નીકળી ગયો હતો. મેં પેપરમાં કોઈ પ્રકારના ચેડા કર્યા નહતા અને આવો કોઈ વિચાર પણ મગજમાં રાખ્યો નહતો.

ત્યાં ઓફિસ-સ્ટાફમાં વાયુવેગે વાત પ્રસરી જતા હું ગિલ્ટીફિલ કરું છું. સર મારું ભવિષ્ય ન બગડે, પરેશાનીનો અંત આવે તે સર્વને ધ્યાનમાં લઈ મને જીવનમાં એક તક આપો. મારી સામે જુઓ. મને ઉગારી લો. હું હંમેશા આપનો ઋણી રહીશ.

**-આપનો વિદ્યાર્થી**
**વૃજભાણ નંદલાલ ભટ્ટાચાર્ય**

## પત્ર - ત્રીજો

**તા. xx yy zz**
**મુંબઈ**

**અંકલ,**
**બ્લુ સ્ટાર ઈલેકટ્રોનીક્સ એન્ડ રીપેરીંગ,**
**ભગતસિંહ રોડ, મુલુંડ, થાણા.**

સી ૬૦૧, આદિત્ય એપાર્ટમેન્ટ, કેથલીક સ્ટ્રીટ, મુલુંડ થી હું શ્રીઋચા તમારી હેલ્પ (મદદ) માટે પત્ર લખી રહી છું. અંકલ, તમે અમારી ત્યાં ટી.વી. રિપેર કરવા આવો છો અને તમે કહયું હતું કે ટી.વી.ની કોઈપણ ફરિયાદ હોય તો મારા આ ઈ-મેઈલ એડ્રેસ પર લખી જણાવજો. અંકલ આજે મારે કંઈક બીજું કહેવું છે, **પ્લીઝ હેલ્પ મી**.

મારા પપ્પાની જોબમાં બદલી થઈ છે એટલે અમે છેલ્લા બે વર્ષથી અહીં રહેવા આવ્યા છે. પપ્પાની જોબ ખૂબ જવાબદારી અને ટેન્શનવાળી છે. અમારા માટે બધું જ નવું છે. ફક્ત મારા મમ્મીના માનેલા ફઈની દિકરી (આન્ટી) એ અહીંથી થોડે દૂર રહે છે.

મારી મોર્નિંગ સ્કૂલ છે. આઠમા ધોરણને લીધે ભણવાનું ખૂબ વધી ગયું છે. એટલે બપોરે એક કલાક ટયુશન પતાવી હું ઘરે આવી જઈ મારું હોમવર્ક વગેરે પતાવું છું. બપોર પછી મારી મમ્મી રોજ અહીં તહીં ભટકવા, ફરવા, શોપિંગ કરવા નીકળી પડે છે. અમારા ઘરની મુલાકાત દરમ્યાન આન્ટીને જાણ થઈ ગઈ છે કે બપોર પછી આ ઘરમાં હું એકલી જ હોઉં છું.

હમણાં ત્રણ ચાર મહિનાથી આ આન્ટી હું ઘરમાં એકલી હોઉં ત્યારે જ અચાનક આવી જાય છે. થોડા દિવસ ખૂબ સારી સારી વાતો કરી હવે બધી વિચિત્ર વાતો કરવાનું ચાલુ કર્યું છે. મને કહે છે અમારા એરિયામાં ઘણા સારા સારા હેન્ડસમ બોયઝ રહે છે તારે એને મળવાનું, પિકચર જોવા જવાનું, એની સાથે ફ્રેન્ડશિપ કરવાની વગેરે વગેરે. હું તને ગિફ્ટ આપીશ, નવા ડ્રેસ લઈ આપીશ. હમણાં હમણાં તો કહે છે હવે ક્રિસમસ આવશે એટલે હું તને બ્યુટી પાર્લરમાં લઈ જઈશ. ત્યાં તારી બધી બ્યુટી-ટ્રીટમેન્ટ કરાવીશું, વેક્સિંગ કરાવીશું. અંકલ, મારા પપ્પા ખૂબ સારા છે, તેમને હું વધારે ટેન્શન નહીં આપી શકું. તમે જે રીતે મારા પપ્પા સાથે ફ્રેન્ડલી વાત કરો છો એના પરથી મને લાગે છે તમે મારી બધી વાત તેમને સમજાવીને કરી શકશો. મારો ભાઈ આ બધું સમજવા ખૂબ નાનો છે. મારી મમ્મી મારી વાતમાં વિશ્વાસ નહીં રાખે એતો તરત જ લોકોની વાતમાં આવી જાય છે. કોઈ નાનું - મોટું કામ કરી આપે તો ગાંડી ગાંડી થઈ જાય. અમારા બંને વચ્ચે વેવલેન્થ બરાબર નથી.

અંકલ, તમને આ લેટર લખ્યો છે કારણ હવે હદ

થઈ ગઈ છે. હવે આન્ટી મને ધમકાવે છે. એમના એરિયાના ભાઈલોગના નામ દઈને મને ડરાવવાની કોશિષ કરે છે. અંકલ હું મારા પપ્પાની ગ્રેટ દિકરી છું. હું ડરતી નથી. તમારાથી થાય તો મને હેલ્પ કરો નહીં તો પછી હું મારી સ્કૂલમાં કલાસ ટીચરને બધી વાત કરવાની છું. મારે આ મુસીબતમાંથી જલ્દીથી જલ્દી બહાર નીકળી જવું છે.

**- તમારી કસ્ટમર**
**શ્રીઋચા ગોસ્વામી**

આ પત્રો સમાજ સામે એક દર્પણ છે. સંજોગોના શિકાર આપણા ઘર પરિવારના સ્વજનો ન બને તે માટે કુટુંબમાં સ્નેહ, સહકાર, મૈત્રી, શાંતિની આવશ્યકતા છે. એક બીજાના પ્રશ્નોના નિવારણ પરસ્પર સમજણ થી જ થતા હોય છે. જે બહારની અડચણોથી મુક્ત રાખે છે. છતાં પણ એવા સંજોગો નિર્માણ થાય તો હિમ્મતપૂર્વક એનો સામનો પણ કરવો જોઈએ.

❖❖❖❖❖


**સ્વામી શ્રી પ્રેમપુરી આશ્રમ ટ્રસ્ટ આયોજીત**

**શ્રી અશીત નવનીતલાલ દેસાઇ (દેડકી)**

**ની બીજી પુણ્યતિથિ નિમીત્તે**

## સ્મૃતિ ભક્તિ સંધ્યા

**કાર્યક્રમ : સોમવાર તા. ૧૨-૧૨-૧૬**

**સમયઃ સાંજે ૫.૩૦ થી ૭.૩૦ સુધી**

**રેખાબેન ત્રિવેદી અને સાથીઓ**

**સ્થળઃ પ્રેમપુરી આધ્યાત્મિક વિદ્યાભવન**

**બાબુલનાથ - મુંબઈ**

**લી.**

**સરલાબેન નવનીતલાલ દેસાઇ (દેડકી)**

**સ્મિતા અશીત દેસાઇ**

# વાર્ષિક રસોત્સવ

**- દેવાંગ રાજેન્દ્ર મોદી (પેપરવાળા)**

**લ્યો આવી ગયું નવુ વર્ષ દર વર્ષ આવે તેમ ,**
**આ વખતે તો સ્વયં પ્રગટીએ,**
**ચલો દીવાની જેમ,**
**સૌની ભીતર પડયો હોય છે.**
**એક ચમકતો હીરો,**
**ચલો શોધીએ ભીતર જઈને**
**ખુદ ની તેજ લકીરો**
**ભીતર ભર્યુ જ છે અજવાળુ ના ઝળહળીએ કેમ ?**
**આ વખતે તો સ્વયં પ્રગટીએ ચલો દિવાની જેમ**
**- અનિલ ચાવડા**

Professional કલાકારોના ટેલેન્ટ શો તો આપણે ટીવી પર જોતા જ હોઈએ છીએ. પણ આપણા સમાજના સભ્યોના પરિવારોમાં જે પ્રતિભા છુપાઈને પડી છે તેમને મંચ કેમ ન મળે? માન્યું કે આજે ટેલેન્ટ દર્શાવવાના માધ્યમ ઘણા છે, કોઈ સારૂ ગાતુ હોય, સારો ડાન્સ કરતું હોય કે કોઈ વિશિષ્ઠ પ્રતિભા તેમનામાં હોય તો એ પ્રગટ પણે બહાર આવે તો એની મજા છે અને મને ગર્વ છે કે આ વર્ષે શ્રી બાલાસિનોર નવયુવક સંઘ દ્વારા સંચાલિત રજનીકાંત કાન્તીલાલ કડકીયા (ધરીવાળા) પુરસ્કૃત ૬૫માં વાર્ષિક રસોત્સવમાં સમાજની પ્રતિભાને એક મંચ પર લાવવાનો સુંદર પ્રયાસ થયો જે કાબિલે તારિફ છે. આ રસોત્સવના કાર્યક્રમને શ્રી અમરીશભાઈ પ્રવિણભાઈ કચેરીઆ જેવા મુખ્યમહેમાનનો સાથ મળ્યો તે સાથે સાથે સંસ્થાના ઉપપ્રમુખ સૌમિલભાઈ મોદી (Co-ordination) અને અમીબેન ધારીઆ (સંયોજક)ની દ્રષ્ટિ મળી. સમાજના બાળકો, મહિલાઓ અને યુવાનો મંચ પરથી પોતાની કલા દર્શાવે એ સ્વાભાવિક રીતે પોતિકા પણુ જ લાગે. આપણા ઘરના આંગણના ફૂલોને પાંગરતા જોવું કોને ના ગમે.

તા. ૧૩-૧૧-૧૬ના દિવસે સવારથી જ બિરલામાતુશ્રીના પ્રાંગણમાં સંસ્થાના હોદેદારો અને કાર્યકર્તાઓએ પારિવારિક વસ્ત્રોમાં સજ્જ થઈ પ્રવેશદ્વાર ઉપર વડિલો, શ્રોતાઓ અને ભાગલેનાર કલાકારોનું સ્વાગત કરતા હતા. ભાગલેનાર કલાકારો ઉત્સાહથી છલોછલ લાગી રહ્યા હતા. સંસ્થાના હોદેદારો અને કાર્યકર્તાઓએ રસોત્સવ કાર્યક્રમના મુખ્યદાતા શ્રી રજનીકાંત (ધરીવાળા) તેમના ધર્મપત્ની શ્રીમતી ઈંદિરાબેન, મુખ્ય મહેમાન શ્રી અમરિશભાઈ તથા તેમના ધર્મપત્ની શ્રીમતી મીનાબેન કચેરીયા તથા સંઘની Treatment for Orthopedic Surgery Scheme માટે રૂા. ૧૧,૦૦,૦૦૦/- (રૂા. અગિયાર લાખ)નું માતબર દાનનું વચન આપનાર શ્રીમતી દમયંતીબેન પ્રવિણચંદ્ર શાહ (ઝાટ)નું સ્વાગત કર્યું. પ્રવેશ દ્વાર ઉપર આવનાર દરેક શ્રોતાઓને કાર્યકર્તાઓ દ્વારા સુંદર સોવિનેયર આપવામાં આવ્યું હતું જેમા સંઘની વિવિધ પ્રવૃત્તિઓના દાતાઓના નામ, વર્ષ ૧૯૫૧ થી અત્યાર સુધીના રસોત્સવના માનનીય મુખ્ય મહેમાનો, સંયોજકોની યાદી, મુખ્ય મહેમાન શ્રી અમરીશભાઈ કચેરીયાનો પરિચય, કાર્યક્રમની સુચિ, ભાગલેનાર કલાકારોના ફોટા સાથે નામાવલિ, સન્માનનીય સખાવતીદાતા શ્રીમતી દમયંતીબેન પ્રવિણચંદ્ર શાહ (ઝાટ) નો પરિચય તથા ૬૫મા રસોત્સવ નિમિત્તે મળેલ દાનના દાતાઓની નામાવલિ ઈત્યાદી હતી.

કાર્યક્રમની શરૂઆત પુણ્ય હાર્દિક મહેતાએ કેસિઓ ઉપર રાષ્ટ્રગીત રજુ કરી શરૂઆત કરી, ત્યારબાદ કુમારી નીરજા સંદિપ પરીખ દ્વારા ગણેશવંદના રજુ કરાઈ અને વાતાવરણ ખરેખર ભક્તિમય બની ગયું. શ્રીમતી મિલોનીબેન અનિરૂદ્ધ પરીખ અને શ્રીમતી અલ્પાબેન સચીન કડકિયાએ ભરત નાટ્યમ રજુ કરી દર્શકોની ખૂબ દાદ લીધી. નાસિકથી ખાસ આવનાર જહાનવી રાકેશ ધારીયાએ રાતકલી એક ખ્વાબ મે આઈ, હોઠોસે છુલોતુમ જેવા ગીતો ગાઈ વાતાવરણ રંગીન બનાવ્યું. ત્યારબાદ બાળકલાકારો દ્વારા દેશભક્તિની થીમ પર ડાન્સ રજુ કરીને સૌ

શ્રોતાઓએ બાળ કલાકારોને વધાવી લીધા. રાજસ્થાની ડાન્સ દ્વારા થાળ અને બેડા ઉપર સંતુલન જાળવી સમાજની બહેનો દ્વારા અદ્ભુત નૃત્ય રજુ થયું. ત્યારબાદ કઠપુતલી નૃત્ય અને Midget ડાન્સ દ્વારા શરીરના હાવભાવ રજુ કરી બહેનોએ કમાલ કરી સાથે યુવાનો એ કાલાચશ્માના ગીત પર અદભુત બેલેન્સ અને ડાન્સના સમન્વય કરી દર્શકોની ખૂબ વાહવાહ મેળવી. ચંચલ રાજેશ ધારીયાએ મધુરગીત પિયા તો સે નૈના લાગે રજૂ કરી દર્શકોનું મન મોહી લીધું ત્યારબાદ બહેનો દ્વારા આંખો પર પટ્ટી બાંધી બ્લાઈન્ડ ફોલ્ડ ડાન્સ રજુ થયો સૌને ચક્ષુદાનનો સંદેશ આપી દર્શકોની તાળીઓ મેળવી. ત્યારબાદ શ્રી અમરિશભાઈ કચેરિયા અને તેમના પરિવારને છ વર્ષની તેમાના ભાણા રૂચિત દોશીની દિકરી ખીયા એ જ્યારે તેરી લાડલી રે ગીત પર પરફોમન્સ કરી સરપ્રાઈઝ આપી ને USA માં રહેતી તેમની દિકરી સિમોની ની યાદ અપાવી ત્યારે સૌની આંખોમાં આંસુ આવી ગયા અને વાતાવરણ ખરેખર ગંભીર બની ગયું. ખરેખર અમરિશભાઈના પરિવાર માટે ખૂબ યાદગાર ક્ષણો હતી.

ત્યારબાદ કુમારી ખુશી કલ્પેશ ગાંધી કે જેઓ માનનીય વડાપ્રધાનના પ્રોજેક્ટ 'નમામી ગંગે' માં પણ Performence કરી ચૂક્યા છે તેમના દ્વારા બાજીરાવ મસ્તાનીના મોહે રંગદે ગીત પર નૃત્ય રજુ કરી ઉપસ્થિત સૌની વાહ વાહ મેળવી.

ત્યારબાદ મધ્યાંતર પછી મંત્રી શ્રી ભાવેશભાઈ મોદીએ પોતાના વ્યકતવ્ય દ્વારા સૌનુ સ્વાગત કર્યું ત્યારબાદ શ્રી રજનીભાઈ કડકીઆ અને શ્રીમતી ઈંદિરાબેન કડકીઆનું ચોકલેટ બુકે દ્વારા સન્માન કરવામાં આવ્યું. ત્યારબાદ મંચ પરથી મુખ્ય મહેમાન શ્રી અમરિશભાઈનું શાલ અને મોમેન્ટો અર્પણ કરી બહુમાન કર્યું અને તેમના ધર્મપત્નિ શ્રીમતી મીનાબેન કચેરીઆનું પણ ચોકલેટ બુકે દ્વારા બહુમાન કરવામાં આવ્યું. ત્યારબાદ રસોત્સવના મુખ્યમહેમાન અમરીશભાઈએ પોતાના વ્યક્તત્વ દ્વારા સમાજ પ્રત્યેનો તેમનો પ્રેમ, નિષ્ઠા અને ભાગ લેનારા કલાકારોની ટેલેન્ટ ને બિરદાવી સહુના દિલ જીત્યા. ત્યારબાદ સંસ્થાના પ્રમુખશ્રીએ મુખ્ય મહેમાન અમરિશભાઈને મુખ્ય મહેમાન થવા બદલ બિરદાવ્યા અને જાહેરાત કરી કે અમિશભાઈએ આ પ્રસંગે સંસ્થાને રૂા. ૧,૨૫,૦૦૦/- (સવા લાખનું ) માતબર દાન આપ્યું છે. તદ્ઉપરાંત દરેક ભાગ લેનાર કલાકાર ને રૂા. ૧૫૦૦/- Token ગીફ્ટ આપી એટલે કે ટોટલ ૬૮ કલાકારો વચ્ચે રૂા. ૧,૦૨,૦૦૦/- Token ગીફ્ટ આપવાનું નક્કી કર્યું છે. તદ્ઉપરાંત હાજર રહેલ દરેક જણને લોક એન કીના ડબ્બાની ગીફ્ટ પ્રોગ્રામ પતી ગયા પછી આપવાની જાહેરાત કરી. હાજર રહેલ સર્વેએ અમરિશભાઈના આ ઉદારદિલને તાળીઓથી વધાવી લીધા. ત્યારબાદ સંસ્થાની Orthopedic Surgery Scheme માટે રૂા. ૧૧,૦૦,૦૦૦/- નું માતબર દાનનું વચન આપનાર શ્રીમતી દમયંતીબેન પ્રવિણચંદ્ર શાહ (ઝાટ)ને સંસ્થાના પ્રમુખશ્રીએ વિરદાવ્યા અને મંચ પર બોલાવી તેઓનું શાલ અને મોમેન્ટો દ્વારા બહુમાન કરવામાં આવ્યું.

બાલાસિનોર થી ખાસ ઉપસ્થિત મહેમાનો આદરણીય શ્રી મનુભાઈ કડકીઆ, પૂર્વ વિધાયક અને ભારતીય જનતા પાર્ટી મહિસાગર જીલ્લાના મહામંત્રી શ્રી રાજેશભાઈ પાઠક (પપ્પુભાઈ પાઠક), કૌશિકભાઈ ચોક્સી, મંયકભાઈ (ટીનુભાઈ) કડકીઆ, ડૉ. રાકેશભાઈ શાહ અને તેમના ધર્મપત્ની શ્રીમતી ભૃકુટીબેન શાહ, શ્રી તેજશ (પિન્ટુભાઈ) શાહ, શ્રી બકુલ શાહ, શ્રી હર્ષદભાઈ ભટ્ટ, શ્રી અવિનાશભાઈ શાહ, શ્રી મયુરભાઈ પરીખ અને શ્રી રૂપેશભાઈ ધારીયા (બલબલ) આ સૌ મહેમાનોને મંચ પર બોલાવી સૌને સુંદર ચોકલેટ બુકે આપી સન્માન કરવામાં આવ્યું. પ્રમુખ શ્રીએ આ પ્રસંગે તેઓના આભાર માનતા કહયું ચલો બાલાસિનોરના કાર્યક્રમ વખતે સંઘને અને દેશમા ક્રિકેટ રમવા જતી નવયુક સંઘની ટીમને જે રીતે તેઓ મદદ કરે છે એ બદલ આ સર્વેનો આભાર માન્યો. શ્રી રાજેશભાઈ પાઠકે એના પ્રત્યુત્તરમા કહયું કે જ્યારે પણ તમને અમારી જરૂર રહેશે ત્યારે અમે તમારી સાથે ઉભા

રહીશું. કાર્યક્રમના પણ તેમને વખાણ કર્યા અને ભવિષ્યમાં પણ સંપૂર્ણ સાથ સહકારની ખાતરી આપી.

ત્યારબાદ બહેનો અને ભૂલકાઓ દ્વારા સ્ટીક ડાન્સ રજૂ થયો. સ્ત્રીઓ પર થતા અત્યાચાર ને નૃત્ય સાથે વણી લઈ ખૂબ સુંદર Performance દ્વારા બહેનોએ સર્વેને Save Girl Child નો મેસેજ આપ્યો અને દર્શકોની ખૂબ તાળીઓ મેળવી.

ત્યારબાદ નાના ભૂલકાઓ દ્વારા મેડલી ડાન્સની રજુઆત વાહવાહ લઈ ગઈ.

હવે વારો હતો સંસ્થા પ્રમુખશ્રીનો તેઓએ તેમના પ્રવચનમા સમાજના કાર્યકર્તાઓ અને વડિલોનો તેમના કાર્યકાળ દરમ્યાન આપેલ યોગદાન અને માગર્દશન માટે આભાર માન્યો ને સર્વે સંઘના કમિટી મેમ્બરોને સ્ટેજ પર બોલાવ્યા અને કહયું કે ૨૦૧૦ મા સંઘનુ Corpus અંદાજીત ૧.૫૦ કરોડ હતી જે અત્યારે ૩.૫૦ કરોડ સુધી પહોંચી ગઈ.છે અને બીજી ૧.૫૦ કરોડના દાનના વચનો મળ્યા છે અને આ બધુ શક્ય થયું એમના કમિટી મેમ્બરસ ને લીધે અને બોલ્યા કે હમેશા રાજા મહારાજાનો ઈતિહાસ લખ્યા છે પણ તેમનો કાર્યનિષ્ઠ અને સેવાભાવી સૈનિકોનો નહી, પણ જ્યારે પણ ૨૦૧૦ થી ૨૦૧૭નો નવયુવક સંઘનો ઈતિહાસ લખાય ત્યારે. પ્રમુખશ્રીનો નહી પરંતુ તેમના કમીટી મેમ્બરનો ઈતિહાસ લખાય. આટલું બોલી તેઓએ ચપલ કાઢી જાહેરમાં સહુ કમીટી મેમ્બરનો નતમસ્તકે આભાર માન્યો અને આવનાર નવી ટીમ વતી સર્વે હાજર જણને કહુ આ આવનારી નવી ટીમ Digitisation સાથે સંસ્થાને વધુ આગળ લઈ જશે અને ભાવવિભોર થઈ ગયા. ખરેખર પ્રમુખશ્રીએ પોતાની કાર્યશૈલીના યશને કાર્યકર્તાઓને અર્પણ કરી સમાજ પ્રત્યેની નિષ્ઠા દર્શાવી અને ઉપસ્થિત સૌ શ્રોતાઓની ચાહના મેળવી.

ત્યારબાદ ઈલ્યુશન ડાન્સ રજુ થયો. બ્લેક એન્ડ વ્હાઈટ પોશાકમાં સજ્જ બહેનોએ નૃત્ય દ્વારા સૌને ચકિત કરી વાહ વાહ મેળવી.

ત્યારબાદ શ્રીમતી તન્વી સૌમિલ ધારિયા દ્વારા દમાદમ મસ્ત કલંદર ગીતની રજૂઆત Oncemore મેળવી ગઈ ને છેલ્લે સૌકલાકારો અને રસોત્સવ કમિટીના સભ્યોએ એક સાથે સ્ટેજ ઉપર ઉપસ્થિત થઈ ગ્રાન્ડફિનાલે રજુ કર્યું. આ સુંદર કાર્યક્રમની સૌથી ધ્યાનકર્ષક અને નયનરમ્ય રજુઆત એટલે સ્ટેજ ઉપર LED Screne ઉપર Power Poiint Presentation. દરેક Performance પહેલા ભાગલેનાર કલાકારોના નામાવલિ સાથે ફોટા અને પરફોમન્સ દરમ્યાન સુંદર ગ્રાફિક્સ એલ.ઈ.ડી. સ્કીન પર દર્શાવવામાં આવી હતી જે ખુબ સુંદર આભા દર્શાવતી હતી. આ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનની સુંદર માવજત શ્રી અલ્પેશભાઈ ધારીયા અને શ્રીમતી જલ્પાબેન ધારીયા (બલબલ) દ્વારા કરાઈ હતી, તેમને ખૂબ ખૂબ અભિનંદન આપવા ઘટે. અંતમાં કોઈ પ્રોફેશનલ કાર્યક્રમને પણ ચેલેન્જ કરે એવી અનુભુતિ થઈ. પ્રમુખશ્રીએ તેમના વક્તવ્યમાં કહેલ શબ્દો સાર્થક લાગ્યા કે જુદી જુદી વિચાર સરણીવાળા કાર્યકર્તાઓ પોતાની એનર્જી જ્યારે કોઈ એક પરિકલ્પનામા લગાવે છે ત્યારે તેનું પરિણામ ખૂબ જ સુંદર આવે છે.

ખૂબજ સુંદર સંચાલન સંયોજક શ્રીમતી અમીબેન ધારીયા, શ્રી દેવાંગ રાજેન્દ્ર મોદી (પેપરવાળા) અને પુણ્ય હાર્દિક મહેતા દ્વારા થયું હતું. કાર્યક્રમના અંતે સૌ કલાકારો અને કાર્યકર્તાઓના ચહેરા પર કાર્યક્રમની સફળતા માટે ખૂશીના આંશુ દેખાયા. ખરેખર Co-ordinator શ્રી સૌમિલ મોદી (સંસ્થાના ઉપપ્રમુખ), Convener શ્રીમતી અમીબેન ધારીયા અને તેમના પેટાકમિટીના સર્વ સભ્યોને ખૂબ ખૂબ અભિનંદન અને રસોત્સવનો આ અહેવાલ લખવાનો મને મોકો મળ્યો એ બદલ પણ મને એટલો જ ગર્વ છે.

કેટલીક સ્મૃતિઓને આપણે કેમેરામા કેદ કરી છબી મઢીને સાચવીએ છીએ. કેટલીક સ્મૃતિઓ આપણે કબાટની તિજોરીમાં બંધ કરી અકબંધ રાખીએ એવી છે. પણ આ કાર્યક્રમની સ્મૃતિ શ્રોતાઓના માનસપટ પર વર્ષો સુધી અક બંધ રહેશે. સંઘના સર્વે કાર્યકર્તાઓની મહેનત, લગન અને નિષ્ઠાને ખૂબ ખૂબ અભિનંદન આપવા ઘટે.

❖❖❖❖❖


એક શુભેચ્છકના સર્વ બાલાસિનોરવાસીઓને જે જે શ્રી ગોકુલેશ

# SHREE BALASINOR NAVYUVAK SANGH
# (SHRI DILIPBHAI MULJIBHAI DHARIA (LALKHA)
# &
# SHRI PUNAMCHAND SAKARLAL KADAKIA (BERA)
# LALKHA BERA T20 TOURNAMENT 2016-2017.

**B.N.S. Lalkha-Bera T20 tournament was held on 13-11-2016 Sunday at Central Railway Stadium.**

The entire tournament was played in one day with a revised format of 15 overs between three teams led by Rikit Mody, Apurv Dharia & Shiten Kadakia.

**FIRST MATCH – Rikit Mody v/s Shiten Kadakia.**
Rikit Mody's team – 157/4 in 15 overs, defeated Shiten Kadakia's team – 146/6 in 15 overs.
Man of the Match: Rikit Mody for scoring 61 runs.

**SECOND MATCH – Shiten Kadakia v/s Apurv Dharia.**
Shiten Kadakia's team – 178/8 in 15 overs, defeated Apurv Dharia's team – 137/9 in 15 overs.
Man of the Match: Kinjal Parikh for scoring 73 runs.

**THIRD MATCH – Apurv Dharia v/s Rikit Mody.**
Rikit Mody's team – 104/9 in 10 overs, lost to Apurv Dharia's team – 106/4 in 9.2 overs.
Man of the Match: Chetan Kadakia for taking 3 wkts.

Congratulations to Shiten Kadakia & his team for winning the Lalkha Bera T20 trophy 2016-17.

**VARIOUS PRIZES AWARDED :**
**UPCOMING TALENT : NISHIT PARIKH.**
**BEST BATSMAN OF THE SERIES : KINJAL PARIKH.**
**BEST BOWLER OF THE SERIES : CHETAN KADAKIA.**
**MAN OF THE SERIES : RIKIT MODY.**

Secretary Shri Bhavesh Mody gave a vote of thanks to Shri Dilip Dharia (Lalkha) & Shri Rupin Bhai (BERA) the two joint Donor's of the Lalkha-Bera T-20 trophy and to Shri Alpesh Dharia for sponsoring the coloured clothes of all the teams.

Special thanks to Shri Alpesh Dharia for sponsoring the coloured clothes of all the three teams and for coming up with a new vision of giving clothes without any advertisement on it, so that they can be put to better use by every player.

**Thanks to my Committee Members who have been of support to me.**

**Thanking you,**

| | |
|---|---|
| **SECRETARY** | **CONVENOR** |
| **BHAVESH MODI** | **CHIRAG PARIKH** |

# SHREE BALSINOR NAVYUVAK SANGH
# PRESENT
# SHRI NATVERLAL CHUNILAL MODY(JANSATHI) TROPHY 2016-17

The FIRST match was played between R.C.CHALLENGERS team led by Captain APURV DHARIA & T.P.KNIGHTRIDERS team led by Captain RIKIT MODY.

**Breif Summary :**

R.C.CHALLENGERS 265 all out. (Kanishq Parikh 105 not out, Tirth Desai 38, Dharav Parikh 3/51). T.P.KNIGHTRIDERS 269/4 (Bhavik Dharia 55, Devang Parikh 62, Dharav Parikh 53 not out)

T.P. KNIGHTRIDERS won by 6 wkts and a BONUS POINT.

**MAN OF THE MATCH : DHARAV PARIKH.**

The SECOND match was played between D.C.C.AVENGERS team led by Captain ROHAN DHARIA & CRICKET LOVERS team led by Captain NIRAV DESAI.

Breif Summary :

CRICKET LOVERS 262 all out. (Kinjal Parikh 51, Sahil Desai 47, Rohan Desai 36, Utsav Mody 3/49, Samir Desai 3/65). D.C.C.AVENGERS 244 all out (Paresh Parikh 38, Ruchit Doshi 68, Nirav Desai 4/59, Kinjal Parikh 3/33)

**CRICKET LOVERS won by 18 runs.**

**MAN OF THE MATCH : KINJAL PARIKH.**

The THIRD match was played between T.P.KNIGHTRIDERS team led by Captain RIKIT MODY & CRICKET LOVERS team led by Captain NIRAV DESAI.

**Breif Summary :**

CRICKET LOVERS 291 all out. (Dharav D Parikh 53, Chirag N Desai 88, Sahil Desai 30, Vismay Choksi 3/79). T.P.KNIGHTRIDERS 133 all out (Devang Parikh 34, Dharav Parikh 61, Rohan Desai 4/46, Kinjal Parikh 3/33)

**CRICKET LOVERS won by 158 runs and a BONUS POINT.**

**MAN OF THE MATCH : CHIRAG DESAI.**

**The FOURTH match was played between D.C.C.AVENGERS team led by Captain ROHAN DHARIA & R.C.CHALLENGERS team led by Captain APURV DHARIA.**

**Breif Summary :**

**R.C.CHALLENGERS 316/8. (Kanishq Parikh 220, Ashwin Karkeria 35). D.C.C.AVENGERS 158 all out (Shiten Kadakia 65, Apurv Dharia 4/28, Kanishq Parikh 4/34)**

**R.C.CHALLENGERS won by 158Cruns and a BONUS POINT.**

**MAN OF THE MATCH : KANISHQ PARIKH.**

**The FIFTH match was played between CRICKET LOVERS team led by Captain NIRAV DESAI & R.C.CHALLENGERS team led by Captain APURV DHARIA.**

**Breif Summary :**

**R.C.CHALLENGERS 159 all out. (Chirag Desai 47 not out, Apurv Dharia 30, Sohail Desai 3/23, Kinjal Parikh 3/23). CRICKET LOVERS 163/5 (Chirag N Desai 66 not out, Sahil Desai 32 not out)**

**CRICKET LOVERS won by 5 wkts and a BONUS POINT.**

**MAN OF THE MATCH : CHIRAG N DESAI**

**The sixth match was played between D.C.C.AVENGERS team led by Captain ROHAN DHARIA & T.P.KNIGHTRIDERS team led by Captain RIKIT MODY.**

**Breif Summary :**
**T.P.KNIGHTRIDERS 206 all out. (Bhavik Dharia 42, Ritesh Kadakia 32, Vishal Jariwala 41, Jigar Parikh 3/35).**
**D.C.C.AVENGERS 179 all out (Sameer Desai 34, Rohan Dharia 38, Vishal Jariwala 6/44, Dharav Parikh 4/59)**
**T.P.KNIGHTRIDERS won by 27 runs.**
**MAN OF THE MATCH : VISHAL JARIWALA.**

**FINALS will now be played between CRICKET LOVERS & T.P.KNIGHTRIDERS.**




**This year what we witnessed was history in the making. In the fourth match of JANSATHI TROPHY played on 6th Nov 2016, a 17 year old boy KANISHQ PARIKH who made his debut last year and scored a century in his first match went on to created a record by scoring a double century in the match. It is the first ever double century in history of BALASINOR CRICKET. He went on to score 220 runs, a highest individual score by any player.**

## શ્રી બા.ન. સંઘ સંચાલિત
## શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગનો દિવાળી સ્નેહ સંમેલનનો કાર્યક્રમ તા. ૧૮-૧૧-૧૬ શુક્રવારે બપોરે ૨.૩૦ કલાકે માધવબાગ ખાતે રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રીમતી સેજલ નિલેશ ધારીયા (માટલી) તરફથી મહિલા વિભાગને રૂપિયા એક લાખનું માતબર દાન તથા હાજર સર્વે બહેનોને ૩ ફ્રીજ બોટલના સેટની ગીફ્ટ આપવામાં આવી હતી. મહિલા વિભાગ તેમનો તથા તેમના કુટુંબીજનોનો આભાર માને છે. આ કાર્યક્રમમાં માધવબાગમાં આબેહૂબ પંજાબનું ગામ ઊભું કરવામાં આવ્યું હતું. મહેંદી તેમજ ટેરોટ કાર્ડના સ્ટોલ રાખવામાં આવ્યા હતા. પ્રવેશ દ્વાર પર આવનાર દરેકનું પંજાબી ઢોલ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ગેમ્સ, ડાન્સ અને નાસ્તાની સાથે સૌ સ્નેહ સંમેલનને માણી છૂટા પડયા હતા.

મહિલા વિભાગના આગામી કાર્યક્રમની જાહેરાત તા. ૮-૧-૨૦૧૭ રવિવારે બપોરે બે કલાકે પ્રગતિ સમાજની ઓફિસેથી TREASURE HUNT નો રાખવામાં આવ્યો છે. વહેલો તે પહેલોના ધોરણે એક ગાડીમાં ૫ મેમ્બર્સનું ગ્રુપ બનાવી મેમ્બર દીઠ ૧૦૦ રૂપિયા આપી કોઈ પણ કમીટી મે્મ્બર પાસે ૩૧-૧૨-૨૦૧૬ સુધી નામ લખાવી શકાશે.

**– મંત્રી : ભાવેશ મોદી**

**– સંયોજક : અમી ધારીઆ – ૯૯૬૯૧૧૪૦૮૩**

## શ્રી બાલાસિનોર દસાનીમા વિદ્યોતેજક મંડળ

આજથી પાંચ વર્ષ પહેલા મંડળની શૈક્ષણિક સહાયની પ્રતિવર્ષ વધતી જતી જરૂરીયાતને ધ્યાનમાં લઈ, પ્રત્યેક દાતા તરફથી પાંચ વર્ષ માટે દર વર્ષે રૂા. ૧૦,૦૦૦ના વાર્ષિક દાન-યુનીટ આવકારતી યોજના જાહેર કરવામાં આવી હતી. જેનાં ઉપક્રમે દાતા તરફથી મેળવેલ રૂા. ૧૦,૦૦૦ની રકમ ડોનેશન રૂપે જમા કરી તે જ વર્ષમાં વિદ્યાર્થી મિત્રોને શિક્ષણ સહાય રૂપે આપી ઉપયોગમાં લેવામાં આવતી.

આ દાન-યુનીટ યોજનાને દાતાઓ તરફથી પ્રોત્સાહક પ્રતિસાદ મળ્યો હતો અને તેને અનુલક્ષી આ યોજના આવતા પાંચ વર્ષના સમયગાળા માટે પણ ચાલુ રાખવામાં આવી છે.

આ દાન-યુનીટ યોજનાનાં રૂા. ૧૦,૦૦૦ના વાર્ષિક યુનીટની યોજનામાં સહભાગી થવા ઈચ્છુક દાતાઓને આ સાથે નવેસરથી અપીલ કરીએ છીએ. આશા છે જ્ઞાતિના સખાવતી દાતાઓ તરફથી વધુમાં વધુ યુનીટ અમારી વાર્ષિક જરૂરિયાત મુજબ પ્રાપ્ત કરી શકીશું.

આ અંગે મંડળ અને કાર્યવાહક સમિતીના સભ્યોનો આપ સંપર્ક સાધી શકો છો.

**- માનદ્‌મંત્રીઓ : મંજુલ શૈલેષ ધારીઆ, જસ્મીન બીપીન શેઠ**

---

## શ્રી બાલાસિનોર દસાનીમા વિદ્યોતેજક મંડળ

| No. | Scheme | Amount |
|---|---|---|
| 1.. | Education Scheme for Cost and Work Accountants (ICWA) Course | 5,00,000/- |
| 2. | Education Scheme for Company Secretary (CS) Courses | 5,00,000/- |
| 3. | Education Scheme for Cost & Financial Analyst (CFA) Course | 5,00,000/- |
| 4. | Primary Education Scheme (K.G. & Std. I to IV) | 7,50,000/- |
| 5. | Master Degree Course (Other than Medical) | 11,00,000/- |
| 6. | Education Scheme for Diploma Courses | 11,00,000/- |
| 7. | Education Scheme for Coaching Classes (Std. I-IX) | 11,00,000/- |
| 8. | Education Scheme for Coaching Classess (Std. X-XII) | 11,00,000/- |
| 9. | Education Scheme for Coaching Classes (Professional Courses) | 11,00,000/- |

## સમુહ ભોજન

**મલાડમાં વસતા બાલાસિનોરવાસીનું સમુહ ભોજન તા. ૮-૧-૨૦૧૭ના રોજ સાંજે ૬.૩૦ કલાકે સ્થળઃ નડીયાદવાલા માર્કેટ હોલ, લક્ષ્મીનારાયણ શોપીંગ સેન્ટર સામે, પોદાર રોડ, મલાડ (ઈસ્ટ) મુંબઈ - ૯૭ સ્થળે રાખેલ છે તો આપ સૌને આમંત્રણ છે.**

**એજ લી. દિલીપ એન. ધારીયા**


શ્રીમતી અંજુબેન જગદીશ ધારીઆ ના જે જે શ્રી ગોકુલેશ

## કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

## બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં નીચે મુજબ કેમ્પ યોજવામાં આવેલ.

૧) **શ્રીમતી કુસુમબેન રસિકલાલ અને રસિકલાલ મણીલાલ પરીખ (લાકડાવાળા) ડાયાબિટીસ નિદાન કેમ્પઃ** તા. ૨૦-૧૧-૧૬ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૧૦૨ દર્દીઓ નોંધાયેલા. જે પૈકી ૯૭ દર્દીઓના દશ દિવસના રૂા. ૧૦૯૬૧/- ની દવાઓ ફ્રી આપવામાં આવેલ. ૯૯ દર્દીઓના પેથોલોજી ટેસ્ટ રૂા. ૧૬૮૩૦/- ફ્રી કરવામાં આવેલ. તેમજ મેડીકલ કંપની તરફથી ડાયાબીટીશની દવાઓ રૂા. ૯૬૦૦/- ની દવા ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં આણંદના ફિજીશીયન ડૉ. શિશિરભાઈ પી. ગાંધી તથા તેઓના ડોકટરોની ટીમ સેવાઓ આપેલ તથા આપણી હોસ્પિટલના ફિજીશીયન ડૉ. પી.કે. ત્રિપાઠી તથા ડૉ. વિરલ પટેલે સેવાઓ આપેલ. આ કેમ્પમાં કારોબારી મંત્રીશ્રી નિતીનભાઈ પરીખ, શ્રી રાજુલભાઈ પરીખ (લાય) અને હીતેન્દ્રભાઈ પરીખ (લાય) મુંબઈથી ખાસ હાજરી આપી હતી. આગામી નિદાન કેમ્પ તા. ૧૨-૨-૧૭ના રોજ યોજવામાં આવેલ છે.

૨) **છારી કાઢવાનો કેમ્પઃ** તા. ૨૫-૧૧-૧૬ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં ૨૫ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

**હોસ્પિટલમાં વિવિધ વિભાગમાં તા. ૧-૧૦-૧૬ થી ૩૧-૧૦-૧૬ દરમ્યાન દર્દીઓએ લીધેલ લાભ વિગતઃ-**

| | | |
|---|---|---|
| ૧. | લીલાબેન કીર્તનલાલ દોશી | નેત્ર વિભાગઃ ૧૦૨૬ |
| ૨. | બાલાસિનોર નાગરિક સહકારી બેંક લી. | ઓર્થોપેડીક વિભાગઃ ૪૧૧ |
| ૩. | કમળાબેન ઓચ્છવલાલ કચેરીઆ | સુતિકા વિભાગઃ ૫૭ |
| ૪. | શાંતિલાલ રવચંદદાસ શાહ (ચોક્સી) | સર્જીકલ વિભાગઃ ૧૪૯ |
| ૫. | શ્રીમતી શર્મિષ્ઠાબેન અને રજનીકાંત નટવરલાલ કડકીઆ (ચોક્સી) | ગાયનેક વિભાગઃ ૯૧૭ |
| ૬. | રમણલાલ જેઠાલાલ કચેરીઆ | સ્કીન વિભાગઃ ૨૮૪ |

**વર્ષ ૨૦૧૬-૧૭નો દાતાશ્રીઓના સન્માનનો વાર્ષિક સમારંભ તા. ૫-૩-૧૭ના રવિવારના રોજ હોસ્પિટલના પટાંગણમાં યોજવામાં આવશે. સર્વે બાલાસિનોર વાસીઓને હાજર રહેવા ભાવભીનું આમંત્રણ છે.**

**સુપર સ્પેશ્યાલીટી સેન્ટરઃ**

શ્રી કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાળાલા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટરના છેલ્લા સ્લેબનું કામ ચાલુ મહીને પુર્ણ થશે. સાથે સાથે અંદરનું કામ પણ ચાલુ છે. આ બાંધકામની પ્રગતી સંતોષજનક રીતે થઈ રહી છે. દાતાશ્રીઓને અગાઉની જાહેરાત મુજબની સ્કીમો માટે દાન આપવા વિનંતી છે.

**કે.એમજી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટઃ સુપર સ્પેશ્યાલીટી સેન્ટ માટે વધુ નોંધાયેલ દાનઃ**

૧) **શ્રીમતી તરૂલતાબેન અને શ્રી કિરીટભાઈ મોહનલાલ મોદી (દેવ)**
**હ. શ્રી મનીષ કિરીટભાઈ મોદી (દેવ) (એક ડૉકટર કેબીન માટે) — રૂા. ૫ લાખ**

૨) **શ્રીમતી સાવત્રીબેન અને બાબુલાલ સાંકરલાલ ધારીઆ (ઓલ્લા)**
**હ. શ્રી મેહુલ બાબુલાલ ધારીઆ (ઓલ્લા) (બે આઈ.સી.યુ. બેડ અને એક હાઈડ્રોલીક બેડ માટે) — રૂા. ૨.૫ લાખ**

૩) **શ્રી કપિલાબેન રાવજીભાઈ પટેલ (એક આઈ.સી.યુ. બેડ માટે) — રૂા. ૧ લાખ**

**- શ્રી રાજેન્દ્ર દેસાઈ, શ્રી નિતીન પરીખ**
**માનદ્‌મંત્રીશ્રીઓ**

ફોનઃ ૨૩૬૩ ૩૬૦૮ /૨૩૬૭ ૬૩૯૭

**સ્વામીશ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ આયોજીત**

## અ.સૌ.લીલાવતી કિરીટભાઈ કડકીયા (ફાડિયા)

## ❖ સ્મૃતિ ભક્તિ સંધ્યા ❖

**આત્મપ્રિય ભાઈશ્રી / બહેનશ્રી,**

સ્વામીશ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ દ્વારા યોજાતી ઉપરોક્ત સ્મૃતિ ભક્તિ સંધ્યામાં નીચે જણાવેલ વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરેલ છે.

**કાર્યક્રમ : રવિવારઃ** તા. ૨૫-૧૨-૨૦૧૬, **સમયઃ** સાંજે ૫.૩૦ થી ૭.૩૦ કલાકે

**સુપ્રસિધ્ધ** ગાયક કલાકાર : **ગોપા ચક્રવર્તી તથા સાથીઓ**

સળંગ બે કલાક માતૃ વંદના, પુષ્ટી માર્ગીય ભક્તિ સંગીત રજુ કરશે.

**સ્થળઃ** પ્રેમપુરી અધ્યાત્મ વિદ્યાભવન, સ્વામીશ્રી પ્રેમપુરીજી ચૌક, બાબુલનાથ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૭

**નિમંત્રકઃ**

**શ્રી કિરીટભાઈ ભીખાલાલ કડકીઆ - પરિવાર**

**સ્વામીશ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ - ટ્રસ્ટીગણ**

**સર્વેને સપ્રેમ આમંત્રણ છે.**

---

## ભાવભીનું આમંત્રણ

## શ્રીમતી સુભદ્રાબેન નવીનભાઈ શાહ

# સ્મૃતિ ભક્તિ સંધ્યા

**કાર્યક્રમ - વારઃ** શુક્રવાર તારીખઃ ૬-૧-૨૦૧૭

**સમયઃ** સાંજે ૫.૩૦ થી ૭.૩૦ કલાકે સળંગ પ્રવચન

**વક્તા :**

## શ્રી નરેશ વેદ

**વિષયઃ** રાધા કૃષ્ણનો સંબંધ

**સ્થળઃ** પ્રેમપુરી અધ્યાત્મ વિદ્યાભવન

સ્વામી શ્રી પ્રેમપુરીજી ચોક, બાબુલનાથ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૭

નિમંત્રકઃ **નવીનભાઈ શાહ પરિવાર**

## શ્રી બાલાસિનોર મેડિકલ સેન્ટર

મહેતા હાઈસ, ચોપાટી, મુંબઈ - ૭,

ફોન: ૨૩૬૭૦૧૬૯

Email: vdnm.medicaltrust@gmail.com

**સર્વે બાલાસિનોર વાસીઓ,**

બાલાસિનોર મેડિકલ સેન્ટર ખાતે તા. ૨૭-૧૧-૨૦૧૬ના રોજ મેટ્રોપોલીસ હેલ્થકેરના સૌજન્યથી તથા આપણા પ્રયત્નોથી એક મેડિકલ કેમ્પનું આયોજન હાથ ધરાયું હતું. કુલ ૧૦૪ વ્યક્તિઓના કેમ્પમાં સહભાગી થયા હતા. નીચે જણાવેલ ટેસ્ટો કરવામાં આવ્યા હતા.

**Thyroid Panel 1, Vitamin D3, Vitamin B12, for all and Creatinine (Only for Ladies) PSA Total (Only for Gents)**

જણાવતા આનંદ થાય છે કે, આપ સૌ તરફથી અમોને સારો પ્રતિસાદ પ્રાપ્ત થયેલ છે અને આશા છે કે આવનાર દિવસોમાં પણ આજ રીતે તમારો સાથ અને સહકાર પ્રાપ્ત થતો રહેશે.

કેમ્પ દરમ્યાન મેડિકલ સેન્ટરના સુપ્રીટેન્ડન્ટ ડૉ. કિરિટ મોદી તથા મેડિકલ એડવાઈસર ડૉ. રાજીવ પરિખ ઉપસ્થિત રહ્યા હતા.ઈમરજન્સી માટે ડૉ. કૌશલ શાહ દ્વારા હાજરી અપાઈ હતી. મેડિકલ સેન્ટરના પ્રમુખ શ્રી પંકજ ધારિયા તથા સંસ્થાના તમામ હોદેદારોએ આ કેમ્પને સુખરુપ પાર પાડવા ખડેપગે ફરજો બજાવી હતી. સંસ્થાના સ્ટાફ મેમ્બરો તરફથી પણ ઉચ્ચતમ પ્રતિસાદ પ્રાપ્ત થયો હતો. સંસ્થા આ સર્વેની આભારી છે અને તેની નોંધ લે છે.

પૂર્વ નિર્ધારિત સમયસારણી અનુસાર સર્વે ભાઈઓ તથા બહેનોના ટેસ્ટ સમયની મર્યાદામાં રહીને હાથ ધરાયા હતા. ટેસ્ટ કરાવનાર દરેક વ્યક્તિઓ માટે સંસ્થા તરફથી રીફ્રેશમેન્ટની વ્યવસ્થા હાથ ધરાઈ હતી.

**લિ. બાલાસિનોર મેડિકલ સેન્ટર વતી**
**પ્રમુખ તથા તેમની કારોબારીના સભ્યો.**

## સમુહ ભોજન:
## અંધેરી ગ્રુપ ઓફ બાલાસિનોર

અંધેરીમાં વસતા સર્વે બાલાસિનોર વતનીઓનું સમુહ ભોજન તા. ૮-૧-૨૦૧૭ના રવિવારે સવારે ૧૧ થી ૨ કલાકે

**હોટલ:** ગોલ્ડન ચેરીયટ (રાધાકૃષ્ણ RK)
શોપર્સ સ્ટોપની સામે, એસ.વી.રોડ,
અંધેરી વેસ્ટ માં રાખેલ છે.

સર્વે બાલાસિનોર વતનીઓનો સહપરિવાર આવવા નિમંત્રણ છે.

**લિ. અંધેરી ગ્રુપ ઓફ બાલાસિનોર**

| | | |
|---|---|---|
| **હિમાંશુ દેસાઈ** | - | **૯૮૨૧૨૦૮૮૮૧** |
| **પંકજ પરીખ** | - | **૯૮૨૦૧૭૨૦૯૧** |
| **તુષાર પરીખ** | - | **૯૮૨૦૩૭૭૦૯૯** |
| **આશીષ શાહ** | - | **૯૩૨૨૮૫૯૫૧૧** |

# આતિથ્ય

## વાનગી - સંતરાનાં સંદેશ

**- શેફાલી ધારીયા**

**સામગ્રીઃ**

ગાયનું દૂધ - ૧ લીટર

સંતરા - ૨ નંગ (ફક્ત અંદરનો ગર)

Orange Tang પાઉડર - ૨ ચમચી

લીંબુ નો રસ / વિનેગર - ૨ ચમચી

**બનાવવાની રીતઃ**

૧) દૂધમાં ઉભરો લાવ્યા બાદ, ધીમા તાપે ઉકાળો. ત્યારબાદ એમાં લીબુંના રસના ટીપા ધીરે નાખી હલાવતા રહો. સફેદ પનીર અને પાણી છૂટું પડે ત્યાં સુધી ખાટા રસનાં ટીપા નાખતા રહો.

૨) પાતળા કટકામાં પનીર બાંધી વધારાનું પાણી નીચોવી લો. ટાઈટ દબાવી પાણી નીતારી દો.

૩) પનીરના ગોળાને થાળીમાં છૂટું કરી, થોડી વાર ઠંડુ પડવા દો. હથેળીના ખૂણાથી પનીર મસળી લીસ્સુ કરો. ટેંગનો પાઉડર નાખી હલકે હાથે ફરી મસળો. આ મિશ્રણમાં સંતરાનો ગર નાખી હળવે હાથે પૂરણ તૈયાર કરો.

૪) નાના ગુલ્લા દબાવી, થાળીમાં ગોઠવી, ઠંડા કરવા મૂકો.

**રાત્રે ડેઝર્ટ તરીકે આ એક પૌષ્ટિક મીઠાઈ આરોગી શકાય.**

**નોંધઃ** ડાયાબિટીસ વાળાને ટેંગની જગ્યાએ આર્ટીફીસીયલ સ્વીટનરનો ઉપયોગ કરી શકાય.

✤ સંતરાનો ગર હલકા હાથે કાઢવાથી રસ છૂટો પડશે નહી.

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામા

- **Kadakia Hemank Rameshchandra**
  Flat No. 003, Gr. Floor,
  Creekview CHS Ltd.
  E/21, Yogi Nagar, Eksar Road,
  Borivali (W), Mumbai - 400 091
  Ph: 022-28333293,
  Mob: 9820148445
- **Sheth Riten Jagdishbhai**
  Flat no.504, Aangan Avalon,
  Eden Rose Layout,
  Near Cinemas, Beverley Park,
  Mira-road - East, Mumbai....
  Mobile No.: 9920672337

# મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| દિનેશચંદ્ર રમણલાલ ધારિયા (ઓલ્લા) | ૭૩ |
| સાવિત્રીબેન દિનકરલાલ પરીખ (ચાવાળા) (અમેરિકા) | ૮૮ |
| કિરીટભાઈ મગનલાલ પરીખ (વડદલાવાળા) | ૭૭ |
| યોગેન્દ્ર ઓચ્છવલાલ ધારીયા | ૭૫ |
| ઈન્દુબેન સોમાલાલ શેઠ | ૮૨ |
| મધુબેન કંચનલાલ મોદી (બાલાસિનોર) | ૭૯ |
| મહેશ રમણલાલ દેસાઈ (કલકત્તા) | ૭૨ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**

મુખપૃષ્ઠ પરી કલ્પના
ત્વીશા નિમીષ શાહ (ઉજડાવાળા)